# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૩૫ તા.૦૪-૦૭-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ''આઝાદી કા અમૃત મહોત્સવ'' અંતર્ગત 'વંદે ગુજરાત વિકાસ યાત્રા'નું આયોજન કરવા અંગે.

સંદર્ભ :- ગુજરાત સરકાર ઠરાવ ક્રમાંક -એફપીડબલ્યુ-૧૦૨૦૨૨-૯૭૮/બ-૧/આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સચિવાલય,ગાંધીનગર તા.૨૨-૦૬-૨૦૨૨

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમીત્તે સમગ્ર દેશમાં ''આઝાદી કા અમૃત મહોત્સવ''ની ઉજવણી કરવામાં આવી રહેલ છે. જેના ભાગરૂપે ગુજરાતમાં છેલ્લા બે દાયકામાં થયેલ વિકાસને લોકો સુધી પહોંચાડવાના ભાગરૂપે રાજય સરકાર દ્વારા રાજયના તમામ જિલ્લાઓમાં 'વંદે ગુજરાત વિકાસ યાત્રા'નું આયોજન કરવામાં આવેલ છે. જે તારીખે જે વોર્ડમાં 'વંદે ગુજરાત વિકાસ યાત્રા' અંતર્ગત કાર્યક્રમ હોય તે દિવસે જે-તે શાળાએ આ સાથે સામેલ આયોજન મુજબ શાળાકક્ષાએ તથા કાર્યક્રમના સ્થળે કાર્યક્રમ કરવા.

- કાર્યક્રમના સ્થળે શાળાના બાળકો દ્વારા પ્રાર્થના અને સ્વાગત ગીત કરાવવું.
- તા.૦૫-૦૭-૨૦૨૨ના રોજ શાળા ચાલુ થવાના સમયે રંગોળી પુરવી અને તેના ફોટોગ્રાફ પોતાના બીટ સુપરવાઈઝરને મોકલી આપવા.
- શાળાકક્ષાએ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવું
  ચિત્ર સ્પર્ધાનો વિષય : ૨૦ વર્ષની ગુજરાતની વિકાસ યાત્રા
- શાળાકક્ષાએ નિબંધ સ્પર્ધાનું આયોજન કરવું
  નિબંધ સ્પર્ધાનો વિષય : આઝાદી કા અમૃત મહોત્સવ
- કાર્યક્રમ દરમ્યાન પ્રભાતફેરીનું આયોજન કરવું
- સવાર અને સાંજના કાર્યક્રમના સ્થળે ૧૦૦-૧૦૦ વિદ્યાર્થીઓને હાજર રાખવા
- શાળાકક્ષાએ વૃક્ષારોપણ, શાળાની મહાસફાઈ
- 'વંદે ગુજરાત વિકાસ યાત્રા' ના પ્લેકાર્ડ, જે-તે ઝોનના આસિ.મ્યુ.કમિશનરશ્રીના સંકલનમાં રહી મેળવવા અને પ્રદર્શન યોજવું.

શાળા કક્ષાએ ચિત્ર સ્પર્ધા અને નિબંધ સ્પર્ધામાં પ્રથમ ત્રણ વિજેતા વિદ્યાર્થીઓને બીટ કક્ષાએ મોકલવા, બીટ કક્ષાએ વિજેતા પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને ઝોન કક્ષાએ મોકલવા અને ઝોન કક્ષાએ વિજેતા પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને શહેર કક્ષાએ મોકલવા. શહેર કક્ષાનો કાર્યક્રમ સ્કાઉટભવન ખાતે રાખવામાં આવશે જેની તારીખ અને સમય હવે પછી જાહેર કરવામાં આવશે. સ્પર્ધાઓ અને કાર્યક્રમના ફોટોગ્રાફસ સુપરવાઈઝરશ્રીઓને મોકલી આપવા અને ભાગ લીધેલ વિદ્યાર્થીઓની આંકડાકીય માહિતી સમયસર મોકલી આપવી.

તા.૦૪-૦૭-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી